Volume 2, Issue 4
July
2025

HARIRAJ
CHARITABLE TRUST

# NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## રીલ માર્ક કાર્યક્રમ માટે ૨ જુલાઈ, ૨૦૨૫ ના રોજ મંડાળા ઓફિસ ખાતે ત્રિમાસિક આયોજન બેઠક યોજાઈ હતી.




## રીલ વડોદરા

REEL રિજનરેટિવ પ્રોજેક્ટ હેઠળ, સ્થાનિક ખેડૂતોને ટેકો આપવા અને સશક્ત બનાવવા માટે ઘણી પ્રવૃત્તિઓ કરવામાં આવી છે જેમ કે જરૂરિયાતોનું વ્યાપક મૂલ્યાંકન, તાલીમ અને બેઠકોનું આયોજન, ટકાઉ ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે છીછરી ખેડ પદ્ધતિ પર નિદર્શનો પૂરા પાડવા, બોર્ડર અને પિંજર પાક તરીકે ઉપયોગમાં લેવા માટે ભીંડા અને ચોળીના બીજ સાથે કેલેન્ડરનું વિતરણ, એઝોટોબેક્ટર બાયો-ફર્ટીલાઈઝર, MEL એપ વગેરે.









## રીલ રીજન કોટડા - ગોંડલ તાલુકો

**મહિના દરમિયાન પ્રોજેક્ટ વિસ્તારના ૧૬ ગામોમાં ખેડૂતોને વૃક્ષારોપણ માટે લગભગ ૨૦૦૦ છોડનું વિતરણ કરવામાં આવ્યું, તાલીમ અને મીટિંગ ૧ અને ૨ પૂર્ણ થઈ, મજૂરની યાદી બનાવવામાં આવી, મગ અને તુવેરનાં નિદર્શનો, બાયો ઇનપુટ સેન્ટર માટે ૩ ખેડૂતોની પસંદગી અને વર્મીકમ્પોસ્ટ બેડનું વિતરણ, ખેડૂતોના ખેતરની મુલાકાત, નોંધણી ફોર્મ ભરવા તેમજ ખેડૂતોને માટી અને પાણી રિપોર્ટનું વિતરણ જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી.**



















## સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સ

જુલાઈ મહિનામાં, સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ થઈ. લર્નિંગ આસિસ્ટન્ટ્સે તેમની શિક્ષણ જવાબદારીઓ ઉપરાંત વિદ્યાર્થીઓને સર્જનાત્મક અને શૈક્ષણિક અનુભવો આપી સક્રિયપણે જોડ્યા. પ્રવૃત્તિઓમાં બાલ સભા, રંગોમેટ્રી, કોયડા ઉકેલવાના સત્રો, પર્ણ પોથી અને કાગળની હસ્તકલા જેવી બાબતોનો સમાવેશ થયો જેનાથી બાળકોમાં સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિને વેગ મળ્યો. આ મહિનાની એક ખાસ વિશેષતા એટલે ગુરુ પૂર્ણિમાની ઉજવણી જેમાં વિદ્યાર્થીઓએ હૃદયસ્પર્શી ભાવ દ્વારા તેમના શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા અને આદર વ્યક્ત કર્યો હતો.








## જેન્ડર શિક્ષણ

અમારા કાર્યક્ષેત્રની ટીમે સાળવા, રબારિકા અને ધુંધવાણા હાઈસ્કૂલના આચાર્યોની મુલાકાત કરી સંસ્થા અને તેના કામોનો પરિચય કરાવ્યો, જેમાં ખાસ કરીને જેન્ડર શિક્ષણ કાર્યક્રમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ મુલાકાતો દરમિયાન, તેઓએ કાર્યક્રમના ઉદ્દેશ્યો અને જાગૃતિ અને સમાનતાને પ્રોત્સાહન આપવાના મહત્વ વિશે વિગતવાર સમજ આપી. આ મીટીંગો પછી, જેન્ડર શિક્ષણ પર ફાઉન્ડેશન કોર્સ માટે નોંધણી પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી હતી.











HARIRAJ
CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 2, Issue 4

July 2025

## લેખન સત્ર

આ મહીને તા.૦૮/૦૭/૨૦૨૫ના રોજ લેખન સત્રો યોજાયુ જેમાં ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતની સફળ વાર્તા, પ્રથમ ત્રિમાસિક જેન્ડર કમિટી, વાવણી પછીની તાલીમ, સીડ બોલ વાવેતર, લીડ ફાર્મર તાલીમ, સ્ટાફ મિટિંગ, ખેત તલાવડી, ઉદ્યોગસાહસિક અને મજુર તાલીમ રીપોર્ટ પર ચર્ચા કરવામાં આવી.




## વાંચન સત્ર

આ મહીને વાંચન સત્રો યોજાયા જેમાં તા. ૧૮ અને ૨૫ જુલાઈ ૨૦૨૫ ના રોજ જીવનમાં આપેલા દરેક યોગદાન માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવી, તે માનવ સહયોગ અને સંબંધોને મજબૂતી આપે છે. સત્ય અર્થમાં, આપણી આભારભાવના, સંબંધોની ગાઢતા અને એકબીજા સાથેના સંવાદના સ્તર પર અસર પાડે છે. જે અંગે વાતો કરવામાં આવી.




Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

2024 TOP-RATED NONPROFIT

Share your review



www.hariraj.org info@hariraj.org